# નીલમ કે કાચનો કટકો !



'ભાઈ, આપણે આ નીલમને હમણાં નથી વેચવું. ' પાનાચંદ શેઠ બોલ્યા અને નાની એવી એક સુંદર પેટી નવીનને આપતાં આપતાં ઉમેર્યું : 'હમણાં આ નીલમને પેટીમાં રાખી મૂક અને પેટી તારી બા સાચવી રાખે.બજાર સારુ થશે ત્યારે આપણે એને વેચી દેશું.'

નવીન માણેકચંદનો એકનો એક દીકરો. માણેકચંદ રાજનગરના મોટા ઝવેરી. માણેકચંદ શેઠે પોતાની મહેનતથી જ આખી પેઢીને ઊભી કરેલી અને પાનાચંદ શેઠને ચાર આની ભાગ આપ્યો ત્યારે પાનાચંદ શેઠને દર વર્ષે ભાગમાં જ ચાર લાખ રૂપિયા મળતા.

આવી ધીકતી પેઢીના માલિક માણેકચંદ શેઠ એકાએક હૃદય બંધ પડવાથી ગુજરી ગયા, એટલે વસંતબહેન અને નવીન નિરાધાર બની ગયાં. છેલ્લે તો વસંતબહેનનો દાગીના પણ માણેકચંદ કોઈને ઘેર મૂકી આવ્યા હતા. આવી સ્થિતિના ભારથી શેઠ એકાએક દબાઈ ગયા એમ સૌ કહેતું.

શેઠને ગુજરી ગયે એકાદ માસ થયો ત્યાર પછી એક દિવસ નવીન પેઢી પર આવીને પાનાચંદ શેઠને કહેવા લાગ્યો : 'કાકા !મારી બાએ આ નીલમ મોકલાવ્યું છે,વેચવા માટે.મારી બા કહે છે કે આના લાખેક રૂપિયા આવશે એટલે આપણે એનાથી ગુજરાન ચલાવશું.ત્યાંતો વળી ભગવાન પેઢીના સારા દી દેખાડશે.'

'લાવ જોઈએ,ક્યું નીલમ છે,મને જોવા દે.' પાનાચંદ શેઠ બોલ્યા.

નવીને કાગળના પડીકામાંથી નીલમ પાનાચંદ શેઠના હાથમાં મૂકયું.પાનાચંદે નીલમને હથેળીમાં લીધું,વળી ચશ્માં ચડાવીને ફરીથી જોયું અને વિચારમાં પડી ગયા : 'આ નીલમના લાખ રૂપિયા ? નીલમ છે જ ક્યાં ? ખાસ્સો કાચનો કટકો છે !'

નવીને કાકાને વિચારમાંપડેલા જોઈને પૂછયું: 'કાકા, કેમ વિચારમાંપડી ગયા ?આવું ભારે નીલમ આજે કોણ લેશે એમ લાગે છે ?'

'ભાઈ, આ નીલમને હમણાં આપણે નથી વેચવું.બજાર સારું  થવા દે.' પાનાચંદ શેઠ બોલ્યા.અને નાની એવી એક સુંદર પેટી નવીનને આપતાં આપતાં કહ્યું :        'હમણાં આ નીલમને પેટીમાં રાખી મૂક અને પેટી તારી બા સાચવી રાખે. બજાર સારું થશે ત્યારે આપણે એને વેચી દેશું.'

'પણ કાકા...'નવીન બોલ્યો અને આંખમાં બે આંસુ આવ્યાં.

'નવીન, મૂંઝાય છે શા માટે ?'પાનાચંદે તેને પાસે લીધો.

'કાકા, આને વેચીએ તો ઘરખર્ચ ચાલે. ભલેને બે હજાર ઓછા આવે.        ' નવીને જણાવ્યું.

'ભાઈ, આપણે એમ નથી કરવું. ઘરખર્ચ માટે તો તારે દર મહિને પાંચસો રૂપિયા પેઢીમાંથી ઉપાડવાના છે.' પાનાચંદ બોલ્યા.

'પણ મહેતાજી તો બાને કહેતા હતા કે હમણાં દર માસે દસ હજારની ખોટ આવે છે. ' નવીન બોલ્યો.

એ મહેતાજી ચોપડામાં આંકડા પાડી જાણે. ભાઈ, કેટલોક વ્યવહાર પેઢીના ચોપડામાં લખાય છે અને તેના સરવાળા-બાદબાકી થાય છે. પણ કેટલોક વ્યવહાર ચોપડાની બહાર લખાય છે અને તેના સરવાળા-બાદબાકી કરવાની મહેતાની કલમમાં તાકત નથી. માણેકચંદ શેઠની વિધવા અને પૂત્રને આવતી કાલનો વિચાર કરવો પડે તો ય પેઢી નફાતોટાની ગૂંચમાંથી બહાર ન આવી શકે તો તો મેં જીવી શું જાણ્યું ?નવીન, હું આજે ફરીથી તારી બા પાસે આવીશ.પેઢીના નફાતોટાનો વિચાર તારે કરવાનો નથી. એ કરવા માટે તો હું ક્યાં નથી બેઠો ?વળી કારજ હવે ઊકલી ગયું છે, એટલે કાલથી તારે પેઢી પર આવવાનું છે, ને આ બેઠક સંભાળવાની છે.'

'પણ કાકા, મને ક્યાં હીરામાં ખબર પડે છે ?' નવીન બોલ્યો.

'ભાઈ, એક દિવસ આ પાનચંદને પણ કયાં ખબર પડતી હતી ? પણ મને મોટા શેઠે પડખામાં લીધો અને શીખવ્યું ત્યારે આટલુંય આવડે છે. તને ખબર નથી;  માણેકચંદ શેઠે મારા પર જે ઉપકાર કર્યો છે તેનો બદલો મારાથી વળે તેમ નથી. તને હીરાની પરખ શીખવીને હું મારું થોડું પણ ઋણ વાળું તો મારી જાત ધન્ય થાય.  ' પાનાચંદ શેઠ ગળગળા થઈ ગયા.

નવીન તો આજે પેઢીનો મોટો શેઠ બની ગયો છે. તેને હીરાની કોઈ અજબ પરખ આવી ગઈ છે. પાનાચંદ શેઠે પેઢીનો બધો વહીવટ તેના હાથમાં મૂકી દીધો છે. અને જે પેઢી થોડાં વર્ષો ઉપર દર માસે રૂપિયા દસ હજારની ખોટમાં ચાલતી હતી, તે આજે દર વર્ષે ત્રણચાર લાખનો નફો કરતી થઈ ગઈ છે. પાનાચંદ શેઠે ફક્ત સાંજે એક કલાક પેઢી પર આવે છે ને બીજા વૃદ્ધ ઝવેરીઓ સાથે ચાપાણી લઈ ચાલ્યા જાય છે. તિજોરીની ચાવી પણ હવે તો નવીન પોતાની સાથે લેતો જાય છે.

એક વાર સાંજે પાનાચંદ શેઠે પેઢી પર આવ્યા ને નવીનને બોલાવીને કહે: 'નવીનભાઈ, આપણે પેલું તારી બાનું નીલમ તો સાવ ભૂલી ગયા ! હવે બજાર સારુ છે એટલે પેટી મંગાવ તો વેચી દેવાય.'

નવીને તરત જ માણસને મોકલીને બા પાસેથી પેટી મંગાવી.પેટી ઉઘાડીને નીલમને હાથમાં લઈને જોયું અને બારીએથી રસ્તા પર ઘા કર્યો.

'હં, હં, નવીન, એ શું ફેંકી દીધુ ?'

'કાકા, એ તો પેલું નીલમ જ તો !'

'ફેકી શા  માટે દીધું ?'

'એ નીલમ જ ક્યાં હતું ? એ તો હતો લીલા કાચનો કટકો.'

'હોય નહિ, હોય !' કાકા હસતા હસતા બોલ્યા.

'ન હોય શું ? નીલમ હોય તો શું ફેંકી દઉં  ?  ' નવીન બોલ્યો : 'પણ કાકા, તમે ય એને પારખી ન શકયા ?  આવા કટકા માટે તમે મને મખમલની આવી સરસ પેટી આપી ?'

'ભાઈ, મારી આંખે નહિ જ દેખાયું હોય એમ ઓછું  છે ?"

'તો પછી કાકા, તે દિવસે તમે મને કેમ ન કહ્યું કે આ નીલમ નથી પણ કાચનો કટકો છે ?' નવીન બોલ્યો.

'ભાઈ, કહેવા કહેવાના ય વખત હોય છે. ક-વખતે કહેલું સોળ આના સાચું હોય તો પણ નકામું જાય છે; યોગ્ય વખતે કહેલું લાભ કરે છે.     ' પાનાચંદ શેઠે જણાવ્યું ને વળી ખોંખારો ખાઈને બોલ્યા : 'તે દિવસે જો મેં તને કહ્યું હોત, તો લોકો કહેત કે માણેકચંદ ગયા એટલે  પાનાચંદને આંખની પણ શરમ ન આવી અને અણસમજુ છોકરાને છેતર્યો. લોકો તો કહેત, પણ તારી બાને પણ મારા માટે ઓછું આવત અને ભાઈ, તારા દિલમાં પણ ઝેર વસત. આ બધું હું એક પળમાં જોઈ ગયો એટલે મેં તે દિવસે તને ન કહ્યું. આજે તને પોતાને સ્પષ્ટ દેખાયું એટલે મને નિરાંત વળી છે.'

પણ કાકા, તમે મને અને મારી બાને કેટલાં બધાં વર્ષો ભ્રમમાં રાખ્યાં ?            ' નવીન બોલ્યો, 'તમે બહુ ધીરજ રાખી.'

'ભાઈ, તને ભ્રમમાં રાખ્યો ને તું જાતે એને પારખી લે ત્યાં સુધી ધીરજ રાખી, એના પરિણામ હું આજે જોઉં છું ના ? મેં ધીરજ ન રાખી હોત તો આ નવીન આજે મારો છે તેવો મારો ન હોત અને માણેકચંદ શેઠનો ઉપકાર વાળવાનો વખત મને ન મળત. નવીન, તારો ભ્રમ હું કાઢું એના કરતાં તારો ભ્રમ તું જાતે જ કાઢે એ વધારે સારું નહિ ?   ' પાનાચંદ શેઠે કહ્યું : 'લોકો બીજાઓને ભૂલો બતાવવાની મહેનત કરે છે તેના કરતાં બીજાને પોતાની ભૂલ સમજાય એ માટે મહેનત કરતા હોય તો દુનિયા ભારે સુખી થાય.'

પાનાચંદ શેઠે મનમાં ગર્વ અને આનંદ માણતા ઘેર ગયા અને નવીન આ ખડતલ ડોસાની ભાવભીની કુનેહનાં મનમાં વખાણ કરતો નીલમની સાચી હકીકત બાને જણાવવા માટે પેઢીમાંથી વહેલો ઘેર ગયો.

લેખક: નાનાભાઈ ભટ્ટ